### કચ્છને લીલોછમ્મ જિલ્લો બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ

# મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીનું કચ્છી માડુઓએ ઉમળકાભેર અભિવાદન કર્યું

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૮

કચ્છને લીલોછમ્મ જિલ્લો બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. કચ્છને નર્મદાનું વધારાનં ૧ મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા રૂ. ૩૮૭૫ કરોડની યોજનાને વહીવટી મંજૂરી ટૂંક જ સમયમાં મળી જશે. આ અંગેની સૂચના તાજેતરની કેબિનેટ બેઠકમાં આપવામાં આવી છે. ડિસેમ્બર સુધીમાં આ યોજનાના વિકાસ કાર્યો આરંભી દેવાશે. આ યોજનાના પ્રથમ ફેઝનું કાર્ય શરૂ થતા જ બીજા ફેઝની પણ મંજુરી આપવામાં આવશે, એમ મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

કચ્છ જિલ્લાને નર્મદાનું વધારાનું એક મિલિયન એકર ફીટ પાણી આપવા રૂ. ૩૮૭૫ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવા બદલ મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીનું કચ્છના ધારાસભ્યો, સાંસદો, શ્રેષ્ઠિઓ અને સ્થાનિક હોદ્દેદારો, સંતો-મહંતોએ ગાંધીનગરમાં ઉમળકાભર્યુ અભિવાદન કર્યું હતું. કચ્છીમાડુઓ દ્વારા અભિવાદનનો પ્રતિભાવ આપતાં મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ કચ્છી બોલીમાં વક્તવ્યની શરૂઆત કરી ઉપસ્થિત સૌનું અભિવાદન ઝીલી ઋણ સ્વીકાર કર્યો હતો. મુખ્યપ્રધાને કહ્યું કે, કચ્છ જિલ્લાના રાપર, અંજાર, મૂંદ્રા, માંડવી, ભૂજ, નખત્રાણા, લખપત અને અબડાસા જેવા વિસ્તારોમાં સિંચાઈનું પાણી પહોંચાડવા રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે. કચ્છી ખેડૂતોના બાવડામાં તાકાત છે અને રાજ્ય સરકાર તેમની પડખે છે. તેમણે કચ્છના ડિસેલિનેશન પ્લાન્ટ અને રિન્યુએબલ એનર્જી પાર્ક સહિતના પ્રકલ્પોનો ઉલ્લેખ કરી કહ્યું કે, રાજ્ય સરકારે આવા અનેક વિશિષ્ટ પ્રકલ્પોથી કચ્છ જિલ્લાના વિકાસને નવી ગતિ પ્રદાન કરી છે.

વધુમાં તેમણે કહ્યું કે, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોને પીવાનું અને સિંચાઈનું પાણી પહોંચાડવા છેલ્લા અઢી દાયકામાં ભાજપની સરકારે અભૂતપૂર્વ કાર્યો કર્યા છે. પીવાના પાણી માટે બેડા લઇ ભટકવું, દુકાળ અને હિજરતની પરિસ્થિતિને ભૂતકાળ બનાવી સરકાર ગુજરાતને પાણીદાર રાજ્ય બનાવવા કૂદકેને ભૂસકે આગળ વધી રહી છે. ભૂતકાળમાં કચ્છમાં પીવાના અને સિંચાઇના પાણીના પ્રશ્નો અંગે કોંગ્રેસની સરકારે કશું કર્યું નથી ત્યારે આજે હવે કચ્છમાં નર્મદાના પાણી પહોચાડવાના સરકારના આયોજનોને ઠાલા વચન ગણાવી પાણીમાંથી પોરા કાઢે છે. કોંગ્રેસે ગેરવ્યાજબી નિવેદનો કરવાના બંધ કરી વિકાસ કામોમાં ઊંબાડિયા નાખવાનું બંધ કરવું જોઈએ. તેવી નૂકચેતીની તેમણે કરી હતી. મુખ્યપ્રધાને સ્પષ્ટપણે જણાવ્યું કે, પાણી વગર વિકાસ શક્ય નથી આથી કચ્છના સર્વાંગી વિકાસ માટે કેવડિયાથી કચ્છ સુધીની ૫૫૦ કિલોમીટર લાંબી પાણીની પાઇપલાઇન નાખી આ સરકારે નેવાના પાણી મોભે ચડાવ્યા છે. સૌરાષ્ટ્ર માટે સૌની યોજના, ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના વિગેરે આયોજન થકી રાજ્ય સરકારે નર્મદાના પૂરના પાણી જે નિરર્થક વહી જતા તેનો આયોજનબદ્ધ ઉપયોગ કર્યો છે ને ખેતરે ખેતરે આ પાણી પહોચાડયા છે. નાયબ મુખ્યપ્રધાન નિતિનભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, ગુજરાત સરકારે નર્મદાના પાણી છેવાડાના વિસ્તારોમાં પહોંચાડવા માટે બજેટની માંગ સામે ફાળવણીમાં એક રૂપિયાનો પણ ઘટાડો ક્યારેય કર્યો નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગુજરાતની ભાજપા સરકાર છેલ્લા અઢી દાયકાથી કચ્છમાં સિંચાઈ અને પીવા માટે નર્મદાનું પાણી ઠેરઠેર પહોંચાડવાના લક્ષ્ય સાથે કાર્ય કરી રહી છે. તેમણે કહ્યું કે, વર્ષ ૧૯૬૦થી ૨૦૨૦ સુધી ૬૦ વર્ષ દરમિયાન નર્મદા મૈયાની ગુજરાતમાં યાત્રા અનેક પ્રશ્નો અને વિધ્નો વચ્ચે આગળ વધતી રહી છે તે અંગે ગુજરાતની નવી પેઢીએ જાણવું જોઇએ. તેમણે વધુમાં કહ્યું કે, કચ્છના ખેડૂતો પ્રગતિશીલ છે. ટપક સિંચાઈ પદ્ધતિમાં કચ્છી ખેડૂતો ગુજરાતમાં મોખરે છે. પહેલા વાગડનો માત્ર કપાસ વખણાતો, આજે કેરી સહિત અનેક પાકો માટે કચ્છ વિશ્વભરમાં જાણીતું બન્યું છે.

પ્રવાસન રાજ્યપ્રધાન વાસણભાઇ આહિરે જણાવ્યું કે, મુખ્યપ્રધાને કચ્છને નર્મદાનું વધારાનું ૧ મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા રૂ. ૩૮૭૫ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપી કચ્છીમાડુઓના સપના પૂરા કરી તેમના દિલ જીતી લીધા છે. આવતી અષાઢી બીજે કચ્છના ઘરે ઘરે લાપસીના આંધણ મુકાશે. વાસણભાઇ આહિરે ઉક્ત યોજના માટે કચ્છની જનતા જમીન સંપાદનમાં સંપૂર્ણ સહકાર આપશે તેની ખાતરી આપી હતી .આ પ્રસંગે જળ સંપતિ વિભાગ દ્વારા ઉપસ્થિતોને યોજનાના અમલીકરણ અને કાર્યવહન અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કચ્છના ખેડૂતો-પ્રજાજનોની લાંબાગાળાની લાગણી-અપેક્ષા પરીપૂર્ણ કરતી આ યોજનાથી કચ્છના ૬ તાલુકાઓના ૯૬ ગામોના ૩ લાખ ૮૦ હજાર લોકો અને ૨ લાખ ૩૫ હજાર એકર જમીનને નર્મદા જળની સુવિધા મળશે. સરન જળાશય સહિત જિલ્લાના ૩૮ જળાશયોમાં નર્મદાના પાણી ભરાશે. ચેકડેમ - તળાવોને પણ આ નર્મદા જળથી ભરી ભૂગર્ભ જળ ઊંચા લવાશે. પશુપાલકો-ખેડૂતોને પાણી મળતાં મબલક ઉત્પાદન મેળવી તેઓ આર્થિક સમૃદ્ધ બનશે અને પાણીના અભાવે થતું પશુપાલકો-ઢોર ઢાંખરનું સ્થળાંતર અટકશે.

આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ વિનોદભાઇ ચાવડા, ધારાસભ્ય વિરેંદ્રસિંહ, પ્રધુમન સિંહ, નિમાબહેન, માલતીબહેન, જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબહેન, કચ્છ જિલ્લાના આગેવાનો સહિત સૌ કચ્છી માડુઓએ 'નર્મદે સર્વદે' જયઘોષ કરી પોતાની ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી.

## સાવલી તાલુકામાં બાયોડિઝલ બનાવતી કંપની સાથે પોલીસ મથકે નોંધાઇ ફરિયદ

(પ્રતિનિધિ)સાવલી,તા.૮

સાવલી તાલુકાની મંજુસર જીઆઈડીસીમાં આવેલ ફેમ બાયોફ્યુલ્સ નામની કંપનીમાં બાયો ડીઝલ બનાવતા માલિક સામે સાવલી પોલીસ મથકે મામલતદાર સાવલી એ ફરિયાદ નોધાવતા સાવલી પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે. સાવલી તાલુકાની અલીન્દ્રા ગામ ની સીમમાં આવેલ ફેમ બાયો ફ્યુલ્સ નામની કંપની માં બાયો ડીઝલ અને ભેળસેળ યુક્ત પેટ્રોલિયમ પદાર્થ ની યોગ્ય ગુણવત્તા તેમજ સ્પિરિ ટ તેમજ હાઇ સ્પીડ ડીઝલનું ગેરકાયદેસર ઉત્પાદન થતું હોવાની બાતમીના આધારે તત્કાલીન મામલતદાર દ્વારા ૨૦૨૦ માં વિવિધ ઉત્પાદનના સેમ્પલ લેવામાં આવ્યા હતા ત્યારબાદ આ તમામ સેમ્પલના વૈજ્ઞાનિક ઢબે પ્રકરણ કરાવી તપાસ કરતા રિપોર્ટમાં વિશ્વાસઘાત અને માનવ જીવન ને જોખમમાં મૂકવાના આરોપસર સાવલી મામલતદાર આશિષ ભાટીયા એ સાવલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે

સાવલી પોલીસે મામલતદાર સાવલી ની ફરિયાદના આધારે રેગ્યું લેશન ડિસ્ટ્રીબ્યુશન એન્ડ પ્રિવેન્શન ઓફ માલ પ્રેક્ટિસ ૨૦૦૫ ની શરતોના ભંગ બદલ ફરિયાદ નોંધાવવામાં આવતા સાવલી પોલીસે કંપનીના સંચાલક દર્પણ ભાઈ દિનેશભાઈ શાહ રહે ફેમ બાયોફ્યુઅલ પ્રાલી પ્લોટ નંબર ૩૨૭ અને ૩૨૮ મંજુસર જીઆઇડીસી સામે આવશ્યક ચીજવસ્તુ ની ધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે સ દર બનાવના પગલે મંજુસર જીઆઇડીસી ના ઔધોગિક એકમો દ્વારા ગેરકાયદેસર રીતે બાયો ફ્યુઅલ નું ઉત્પાદન કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે

## નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ફંડ લોંચ કર્યું

સચિન બંસલના બીએફએસ આઈ ગ્રૂપ નવીની કંપની નવી મ્યુચ્યુઅલ ફંડે ઓપન - એન્ડેડ ઇક્વિટી સ્કીમ નવી નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ફંડ લોંચ કરવાની જાહેરાત કરી છે. આ સ્કીમ નિફ્ટી ૫૦ ઇન્ડેક્સનું રેપ્લિકેશન કરશે અને એપણ પેસિવ ફંડ કેટેગરીમાં અન્ય કોઈપણ ઇન્ડેક્સ સ્કીમની સરખામણીમાં સૌથી ઓછા ખર્ચે. આ દિવસનો એનએફઓ ૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ ખુલ્યો છે અને ૧૨ જુલાઈ, ૨૦૨૧ના રોજ સબ સ્ક્રિપ્શન માટેબંધથશે.સ્કીમના રોકાણનો ઉદ્દેશ નિફ્ટી ૫૦ ઇન્ડેક્સને સમાવતી કંપનીઓના સ્ટોકમાં રોકાણ કરીને નિફ્ટી ૫૦ ઇન્ડેક્સને સમકક્ષ વળતર હાંસલ કરવાનો છે, જે ટ્રેકિંગ ખામીને આધિન છે.ફંડ એના ડાયરેક્ટ પ્લાન ઓફર માટે ૦.૦૬ ટકાખર્ચ રેશિયા `ચાજ 'કરશે એવી યોજના છે, જ `અત્યાર સુધી ઇન્ડેક્સ સ્કીમ કેટેગરીમાં સૌથી ઓછો છે. ઇન્ડેક્સ ફંડ્સ માટ`કેટેગરીમાં સરેરાશ ખર્ચનો રેશિયો ૦.૨૫ ટકા છે અને હાલ ઘણા ઇન્ડેક્સ ફંડ્સ ૦.૧૫ ટકાથી ૦.૨૦ ટકાની રેન્જમા `ચાર્જલ`છે. નવીની નવી સ્કીમ એવા રોકાણકારો માટે અનુકૂળ છે, જેઓ લાંબા ગાળ `મૂડી સંવર્ધન કરવા, નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ દ્વારા આવરી લેવાયેલી સીક્યોરિટીઝમાં રોકાણ કરવા અન`માર્કેટ લીડર્સની વૃદ્ધિનો લાભ લેવા ઇચ્છે છે.નવીનું મિશન ગ્રાહકોને સરળ, વાજબી અને સુલભ નાણાકીય સેવાઓ પ્રદાન કરવા ધિરાણ અને ટેક્નોલોજીના સમન્વયનો ઉપયોગ કરવાનું છે. મ્યુચ્યુઅલ ફંડ્સ ઉપરાંત નવી અનેક નાણાકીય સેવાઓ અને ઉત્પાદનો ઓફર કરે છે, જેમકે, પર્સનલ લોન્સ, હાઉસિંગ લોન્સ અને હેલ્થ વીમો. સચિન બંસલ અને અંકિત અગ્રવાલ દ્વારા સ્થાપિત નવીનું હેડક્વાર્ટર બેંગલોરમાં છે.

## વડોદરા મહાનગરપાલિકા દ્વારા રાજયના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બનાવવા અભિયાન

વડોદરા,તા.૮

વડોદરા મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,રાજયના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને, તેમાં ૧૦૦ ટકા સફાઇ થાય, ઘરે ઘરેથી કચરો એકત્ર થાય, ઘન કચરાનુ સુવ્યવ્યસ્થિત એકત્રીકરણ અને પરિવહન, તેનું વૈજ્ઞાનિક ઢબે નિકાલ, સાથે સાથે ઘન કચરાને વેસ્ટ તરીકે નહી પરંતુ સંસાધન ગણીને ઘન કચરાનો ઉપયોગ કરી ઉર્જાનો વૈકલ્પિક સોર્સ એટલે કે ગ્રીન પાવર મેળવવા તથા ડ્રેનેજ વોટર રી-સાયકલ અને રી-યુઝ કરવાનાં આશયથી ભારત સરકાર દ્વારા ૨૦૧૪ માં પાંચ વર્ષના લક્ષાંક સાથે સ્વચ્છ ભારત મિશન શરુ કરવામાં આવેલ હતું. જે વર્ષ ૨૦૨૧માં પૂર્ણ થયેલ હતું.ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અર્બનનો સમયગાળો ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી પાંચ વર્ષ માટે નવા ઘટકો સાથે લંબાવેલ છે.ભારત સરકાર દ્વારા જીખ ૨.૦ અન્વયે ચાર પ્રકારે સેગ્રીગેશન પર ભાર આપવામાં આવનાર છે. જેના અનુસંધાને કચરાના નિકાલ અને તેના યોગ્ય વ્યવસ્થાપન માટે રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં તા.૦૧.૦૭.૨૦૨૧ થી તા.૩૧.૦૭.૨૦૨૧ દરમિયાન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગતકચરાના વર્ગીકરણ, નિકાલ અને સ્વચ્છતા બાબતે માસિક ડ્રાઈવનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

તા. ૦૮/૦૭/૨૦૨૧ ના ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ અભિયાન કંમ્પોસ્ટ બનાવો, કંમ્પોસ્ટ અપનાવો હેઠળ પાલિકાના ગઈઉવિભાગના સખી મંડળના સહયોગથી અને તમામ સેનેટરી સ્ટાફ સાથે મળી ભીના અને સૂકા કચરાને વર્ગીકરણ કરી તેમજ ભીના કચરામાંથી ખાતર બનાવવા, ઓનસાઇટ કંપોસ્ટીંગ જેવા મહત્વના વિષયો પર વોર્ડ નંબર ૨ નાઝવેર નગર સોસાયટી, વારસિયા રિંગ રોડ, વોર્ડ ૭ ના નવયુગ સોસાયટી, વોર્ડ નં. ૮ ના તુલસીવાડી આંગણવાડી, વોર્ડ નં. ૯ ના કંકુબા ચોક, કીશનવાડી ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

## જી જી એન્જિનિયરિંગ લિમિટેડે મેડ ઇન ઇન્ડિયા ઇલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશનની રજૂઆત કરી

બીએસઈ ખાતે લિસ્ટેડ જી જી એન્જિનિયરિંગ લિમિટેડ (બીએસઈ: ૫૪૦૬૧૪) એ તેની નવી પ્રોડક્ટ લાઇન, ઇલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન શરૂ કરવાની જાહેરાત કરી છે. તે એક જી.જી. એન્જિનિયરિંગ લિમિટેડ દ્વારા કમ્પોઝિલાઇઝ્ડ, ડિઝાઇન અને મેન્ફેક્ચર્ડ પ્રોડક્ટ છે, તેની પ્રોડક્ટ લાઇનને વિસ્તૃત કરવાના હેતુથી, કંપનીએ ઇલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન ૩ કેડબલ્યુ થી ૨૨ કેડબલ્યુ સુધી વિકસીત કર્યુ છે. કંપની ઇવી ચાર્જિંગ સ્ટેશનનું મેન્યુફેક્ચરિંગ શરૂ કરશે. આ સ્ટેશનોનો ઉપયોગ ૨/૩/૪ વ્હીલર વ્હિકલોને ચાર્જ કરવા માટે કરવામાં આવશે. તેનું ઉત્પાદન અને વિતરણ નેટવર્ક ૩ મહિનામાં શરૂ થશે. આ પ્રોડક્ટ સંપૂર્ણપણે ''મેડ ઇન ઇન્ડિયા'' હશે. આ પ્રોડક્ટ ભારત સરકારની સાથે સાથે રાજ્ય સરકારોના કિલન એનજીર્ના ઉપયોગ અને અસરકારક રીતે અશ્મિભૂત ઇંધણના વપરાશને ઘટાડવા અંગેની જાગૃતિ લાવા અને ધ્યાન કેન્દ્રિત કરવા કરશે અને આ પ્રોડક્ટોની માંગમાં વધારો કરશે અને કંપની સેગમેન્ટમાં વિશિષ્ટ સ્થાન મેળવવાની અપેક્ષા રાખે છે. . જીજીઇ સ્ટેનરી અને મોબાઇલ બંને એપ્લિકેશન્સ માટે ટાટા મોટર્સ એન્જિન્સ દ્વારા સંચાલિત કસ્ટમ-બિલ્ડ એનક્લોઝર જનરેટર સેટ્સમાં સ્પેશ્યલાઇઝર્સ છે, જેમાં ડ્યુરેબિલિટી અને સ્ટેબિલિટીને વધારવા માટે ક્વોન્ટમ ટેકનોલોજીસને લાગુ કરનાર એન્જિનોથી સજ્જ જેનસેટની લેટેસ્ટ સિરિઝ છે. કંપની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વિવિધ એપ્લિકેશનો, મરિન એન્જિનો અને ડીઝલ જેનસેટ માટેના સ્પેરપાર્ટ્સના વિવિધ ઇન્ડસ્ટ્રીયલ એન્જિનો પણ પૂરા પાડે છે. તાજેતરમાં, કંપનીએ નવેલ કોરોનાવાયરસ અને અન્ય જીવલેણ રોગ સામે સંરક્ષણ માટ¡ COVID-૧૯ મહામારીને ધ્યાનમાં રાખતા પેથોજેન - પ્રોટેક્શન પ્રોડક્ટ્સની રજૂઆત કરી છે. પ્રોડક્ટોની આ સિરિઝમાં સેનિટાઇઝિંગ ટનલ, ટચલેસ હેન્ડ સેનિટાઈઝર સ્ટેશન અને માસ્ક વેન્ડિંગ મશીનો શામેલ છે. સ્ટેટ ઓફ આર્ટ પ્લાન્ટ, મરક્યુ ક્લાયંટ અને પશ્ચિમ ભારતમાં મજબૂત વિતરણ એ મુખ્ય સકારાત્મક છે. જી.જી.ઇ. ની અત્યાધુનિક મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ૪૦,૦૦૦ ચોરસફુટના ક્ષેત્રફળ સાથે ગુજરાતના ભરૂચના ઔધોગિક કેન્દ્રમાં વ્યૂહાત્મક રીતે આવેલી છે. સીએડી અને ઇન-હાઉસ આર એન્ડ ડી સુવિધાથી સક્ષમ પ્લાન્ટની વાર્ષિક ક્ષમતા ૫,૧૦૦ યુનિટ્સ અને ઉત્પાદન કેટેગરીમાં વૈવિધ્યપણું ક્ષમતા ધરાવે છે. પશ્ચિમ ભારતમાં આ કંપનીનું વિશાળ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક છે જેમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૧૨ ડિસ્ટ્રિબ્યુટર અને ૬ ગ્રાહક સેવા એજન્સીઓ છે. જીજીઇ ના ભૂતકાળના અને હાલના ગ્રાહકો / ભાગીદારોમાં ટાટા મોટર્સ, વોલ્ટસ, પેનાસોનિક, ભારતીય રેલ્વે અને રિલાયન્સ લાઇફ સાયન્સ તેમજ

## ઝોમેટોનો આઈપીઓ ૧૪ જુલાઈ, ૨૦૨૧ના રોજ ખુલશે

ઝોમેટો લિમિટેડ (અગાઉ ઝોમેટો પ્રાઇવેટ લિમિટેડ એન્ડ ઝોમેટો મીડિયા પ્રાઇવેટ લિમિટેડ તરીકે જાણીતી હતી) ('ઝોમેટો' કે 'કંપની')નો આઈપીઓ (ઓફર) ૧૪ જુલાઈ, ૨૦૨૧ના રોજ ખુલશે. આઈપીઓમાં રૂ. ૯૦,૦૦૦ મિલિયનના ફ્રેશ ઇશ્યૂ (ફ્રેશ ઇશ્યૂ) તથા ઇન્ફો એજ (ઇન્ડિયા) લિમિટેડ (ઇન્ફો એજઅથવા વિક્રેતા શેરધારકો)ના રૂ. ૩,૭૫૦ મિલિયન સુધીના વેચાણ માટેની ઓફર (વેચાણ માટેની ઓફર, અને ફ્રેશ ઇશ્યૂ સાથે સંયુક્તપણે ઓફર) સામેલ છે. એન્કર રોકાણકારો સિવાયતમામ સંભવિત બિડર્સને એપ્લિકેશન સપોર્ટેડ બાય બ્લોક્ડ એમાઉન્ટ (એએસબીએ) પ્રોસેસનો ઉપયોગ કરવો જરૂરી છે, જે માટે તેમણે તેમના સંબંધિત બેંક ખાતા (યુપીઆઈ આઇડી સહિત (અહીં હવે પછી પરિભાષિત કરવામાં આવેલ છે) રિટેલ વ્યક્તિગત બિડર(ર્સ)ના કેસમાં)ની વિગત પ્રદાન કરવી પડશે, જેમાં બિડની સંબંધિત રકમ એસસીએસબી દ્વારા બ્લોક થશે. એન્કર રોકાણકારોને એએસબીએ પ્રક્રિયા દ્વારા ઓફરમાં સહભાગી થવાની છૂટ નથી. વધારે જાણકારી મેળવવા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસનાં પાનાં નંબર ૩૬૧ પર ઓફર ઇન્ફોર્મેશનની શરૂઆત જુઓ. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ દ્વારા ઓફર થયેલા ઇક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઇ અને એનએસઇ પર થશે


INEOS STYROLUTION
Driving Success. Together.

### ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ

CIN: L25200GJ1973PLC002436
**રજી. ઓફિસ :** ૫ મો માળ, ઓહમ હાઉસ-૨, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩.
ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૦૨ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૩
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**વિડીઓ કોન્ફરેન્સિંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા આયોજિત ૪૮મી વાર્ષિક સાધારણ સભા અંગેની માહિતી**

કંપનીના શેરહોલ્ડરોએ નોંધ લેવી કે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) અને સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા એપ્રિલ અને મે-૨૦૨૦ માં જારી સામાન્ય પરિપત્ર નંબરો ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, તથા તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ માં જારી પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧ અને અન્ય લાગુ પડતા બધાજ કાયદા અને પરિપત્રોના અનુપાલન સ્વરૂપ કંપનીની ૪૮મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) મિટિંગની નોટિસમાં દર્શાવેલ કામકાજ કરવા માટે શુક્રવાર, ૧૩મી ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ ભારતીય સમય અનુસાર સવારે ૧૧.૩૦ વાગ્યાથી વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજાશે.

- ઉકત પરિપત્રો અંતર્ગત એજીએમની નોટિસની ઇકલેકટ્રોનિક કોપીઓ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૦૨૧ કંપની / ડીપોઝિટરી સહભાગી(ઓ) પાસે જેમનાં ઈ-મેઈલ સરનામાં નોંધાયેલાં છે તે બધા શેરહોલ્ડરોને મોકલવામાં આવશે.

- ડીમટીરિયલાઈઝ્ડ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરો અને જેમનાં ઈ-મેઈલ સરનામાંની નોંધણી થઈ નથી તેમને તેમનાં ઈ-મેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો તેમની ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા તેમની સંબંધિત ડિપોઝિટરીઓ પાસે નોંધવી દેવા વિનંતી છે.

- ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોને તેમના હોલ્ડિંગ્સ ડિમેટ કરવાની/ તેમના ઈ-મેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો કંપનીના રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ, લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રા. લિમિટેડ ને vadodara@linkintime.co.in ઉપર મોકલી આપવા વિનંતી છે.

- ડીમટીરિયલાઈઝડ સ્વરૂપમાં શેરો ધરાવતાં શેરહોલ્ડરોએ ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા ડિવીડંડ મેળવવા માટે પોતાની બેંક / ઈસીએસ સંબંધિત માહિતીમાં જો સુધારો હોય તો કરાવી લેવો. ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોને ડિવીડંડ મેળવવા માટે પોતાની બેંક સંબંધિત માહિતીમાં જો સુધારો હોય તો, કંપનીના રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ, લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રા. લિમિટેડ ને vadodara@linkintime.co.in ઉપર મોકલી આપવા વિનંતી છે.

શેરહોલ્ડરોને ઇલેકટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમની નોટિસમાં આપ્યા મુજબના રીઝોલ્યુશનના વિષયો પર એજીએમ પહેલાં અથવા એજીએમ દરમ્યાન, તેમના મત આપવાની તક મળશે. ડીમટીરિયલાઈઝડ સ્વરૂપ, ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેર હોલ્ડરો અને જેમનાં ઇમેઇલ સરનામાં નોંધાયા નથી, તેવા શેરહોલ્ડરો માટે દૂરથી અથવા એજીએમ દરમ્યાન મતદાન આપવાની પદ્ધતિ શેરહોલ્ડરો માટેની નોટિસમાં આપવામાં આવશે.

૪૮મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૦૨૧, કંપનીની વેબસાઇટ www.ineosstyrolutionindia.com પર , શેરબજારોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com અને એનએસડીએલની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ કરાશે.

**શેરહોલ્ડરો કૃપા કરીને નોંધ લે કે, ઉકત ઉલ્લેખિત પરિપત્રોને ધ્યાનમાં લેતાં કંપની, એજીએમની નોટિસની અને વાર્ષિક અહેવાલની નકલો શેરહોલ્ડરોને ભૌતિક સ્વરૂપમાં મોકલાવશે નહીં.**

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ વતી,**
સહી/-
**તારીખ :** ૦૯મી જુલાઈ, ૨૦૨૧ **અભિજાત સિન્હા**
**સ્થળ :** વડોદરા હેડ - લીગલ એન્ડ કંપની સેક્રેટરી


## જાહેર સૂચના

### વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણી.......

આથી, વડોદરા મહાનગરપાલિકાના તમામ નાગરિકોને ખબર આપવામાં આવે છે કે, સને ૧૯૪૭ ના ધી મુંબઇ પ્રાયમરી એજ્યુકેશન એકટની કલમ-૪ તથા સને ૧૯૪૯ ના ધી મુંબઇ પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સા મુજબ વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભાસદોની ચૂંટણી શુક્રવાર તા.૦૬ ઓગસ્ટ- ૨૦૨૧ ના રોજ કરવાની છે. પ્રસ્તુત ચૂંટણી માટેના કાર્યક્રમની તારીખ, સમય અને સ્થ ળ નીચે પ્રમાણે મુકરર કરવામાં આવ્યાર છે.

| અ.ન | જગાનું વર્ગીકરણ | સભા-સદો ચૂંટવા ની સંખ્યા | ઉમેદવારી પત્રો લેવાની તારીખ, સમય અને સ્થળ | ઉમેદવારી પત્રોની તપાસણી માટેની તારીખ, સમય અને સ્થળ | મત આપવાની તારીખ, સમય અને સ્થળ | મતગણતરીની તારીખ, સમય અને સ્થળ | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અનુસુચિત જાતિઓ (Scheduled Castes) અને અનુસૂચિત જનજાતિઓ (Scheduled Tribes) | ૧ | તા.૨૩ માહે જુલાઇ ૨૦૨૧ ને શુક્રવારના રોજ બપોરના ૧૨-૦૦ થી બપોરના ૩-૦૦ સુધી મહાનગરપાલિકા 'શ્રી સયાજીરાવ સભાગૃહ' ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | તા.૩૦ માહે જુલાઇ ૨૦૨૧ ને શુક્રવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી શરૂ મહાનગરપાલિકા 'શ્રી સયાજીરાવ સભાગૃહ' ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | તા.૦૬ માહે ઓગસ્ટ ૨૦૨૧ ને શુક્રવારના રોજ બપોરના ૧૨-૦૦ થી બપોરના ૩-૦૦ સુધી મહાનગરપાલિકા 'શ્રી સયાજીરાવ સભાગૃહ'ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | તા.૦૬ માહે ઓગસ્ટ ૨૦૨૧ ને શુક્રવારના રોજ બપોરના ૩-૩૦ કલાક થી શરૂ મહાનગરપાલિકા 'શ્રી સયાજીરાવ સભાગૃહ' ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | |
| ૨ | મેટ્રીક અગર બીજા વર્ષની ટ્રેનીંગ સર્ટીફીકિટની પરીક્ષા પાસ કરેલી હોય અગર કોઇ સમાન યા ઉંચી કેળવણી વિષયક લાયકાત ધરાવતા હોય એવા. | ૩ | -સદર- | -સદર- | -સદર- | -સદર- | |
| ૩ | સામાન્યહ | ૮ | -સદર- | -સદર- | -સદર- | -સદર- | |

**સૂચના :- ઉમેદવારોના ઉમેદવારીપત્રો (Nomination Papers)**

વડોદરા મહાનગરપાલિકાના મેયરની કચેરીમાંથી રજા સિવાયના દિવસોએ ઓફિસ્જના સમયમાં મળી શકશે. ઉમેદવારી કરનારે વડોદરા મહાનગરપાલિકાના સભાસદ હોવાની જરૂર નથી. જે વર્ગની જેટલી જગ્યા માટે ચૂંટણી કરવાની છે તેટલી જગ્યાપ કરતા વધારે જગ્યાન માટે વડોદરા મહાનગરપાલિકા ના કોઇપણ સભાસદ દરખાસ્તક કરી શકશે નહી અગર ટેકો આપી શકશે નહિ.

★ લાયકાત:-
અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની જગ્યાન માટે ઓછામાં ઓછી પ્રાથમિક ચોથા ધોરણની પરીક્ષા પાસ.
-૨-
★ લાયકાત:-
(અ) પ્રાથમિક શાળાંત સર્ટીફીકિટ પરીક્ષા પાસ અથવા તેટલા દરજજાની નીચે જણાવેલ વડોદરા મહાનગરપાલિકા પૈકી બીજી કોઇપણ પરીક્ષા પાસ.
૧. સને ૧૯૩૯ પહેલા મુંબઇ ઇલાકાના કેળવણી ખાતા તરફથી લેવાયેલી વર્નાક્યુ લર સ્કુલ ફાઇનલ પરીક્ષા પાસ.
૨. સને ૧૯૪૯ ની ૧ લી માર્ચ પહેલા સામાન્ય માધ્યયમિક (અંગ્રેજી) શાળાના ધોરણ ત્રણમાં પાસ અથવા અંગ્રેજી શીખવનારી (ઇંગ્લી શ ટીચીંગ) શાળાના ધોરણ છઠ્ઠામાં પાસ અને ત્યાદરબાદ હોય તો સદરહું શાળાઓની ધોરણ સાતની પરીક્ષા પાસ.
૩. મુંબઇ ઇલાકાના યુરોપિયન સ્કુલો માટેના નિયમોના કોડમાં બતાવ્યા મુજબની યુરોપિયન શાળાનું ધોરણ સાતમું પાસ.
૪. ૧૯૪૮ પહેલા ભૂતપુર્વ વડોદરા રાજયમાં ધોરણ-૬ અગર ધોરણ-૭ (ગુજરાતી) ના અંતે લેવાયેલી પરીક્ષા.
૫. વડોદરા પ્રાથમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા ૧૯૪૮.
(બ) પ્રાથમિક શાળાંત સર્ટીફીકિટ પરીક્ષા કરતા ઉંચા દરજજાની નીચે જણાવેલી પૈકી બીજી કોઇપણ પરીક્ષા પાસ.
૧. ઉપરોકત 'અ' માં જણાવેલી પરીક્ષાઓ કરતા બીજી કોઇપણ ઉંચા દરજજાની પરીક્ષા પાસ.
૨. સરકાર તરફથી વખતોવખત જાહેર કર્યા પ્રમાણે માન્યષ કરેલી યુનિવર્સિટીના મેટ્રીક્યીલેશનની પરીક્ષાના દરજજાની ગુજરાત અને તિલક વિદ્યાપીઠ પરીક્ષાઓ પસાર કરી હશે તે.
૩. ગુજરાત વિદ્યાપીઠ અધ્યાપન મંદિરના પ્રાથમિક શિક્ષકો માટેની ટ્રેનીંગ સર્ટીફીકિટ પરીક્ષા પાસ.
૪. એસ.એન.ડી.ટી. સ્ત્રીઓની યુનિવર્સિટીની બધી પરીક્ષાઓ પૈકીની પરીક્ષા પાસ.
૫. મુંબઇની સેકન્ડીરી સ્કુલિ સર્ટીફીકિટ પરીક્ષા પાસ અગર સરકારી શાળા ખાતા તરફથીક તાલીમ લીધા બદલનું આપેલું પ્રમાણપત્ર અગર સરકાર તરફથીસ વખતોવખત આ બદલ માન્યક થયેલા બીજા એવા પ્રમાણપત્ર ધારણ કરનાર.
૬. પ્રચલિત સમયે અસ્તિદત્વકમાં હોય તેવા કોઇપણ કાયદા હેઠળ મુંબઇ રાજયની સ્થકપાયેલી કોઇપણ યુનિવર્સિટીની મેટ્રીક્યુતલેશનની પરીક્ષા કરતા ઉચ્ચી દરજજાની અગર તેજ દરજજાની ગણવામાં આવેલી પરીક્ષાનું પ્રમાણપત્ર અગર મુંબઇ માધ્યીમિક શાળાંત પરીક્ષા અને સરકારે પબ્લીઆક સર્વિસમાં ભરતી કરવાના હેતુથી બોમ્બેં સીવીલ કલાસીફીકિશન અને રીક્રુટમેન્ટ નિયમમાં વખતોવખત ફેરફર કર્યા પ્રમાણે સરકારે માન્યબ કરેલા પ્રમાણપત્રો તથા ડીપ્લોમા ધારણ કરનાર.

તેથી જેમણે વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભાસદની જગ્યામ માટે ઉમેદવારી કરવી હોય તેમણે ઉપર મુકરર કરેલી જગ્યામ અને તારીખ અને સમયની અંદર પોતપોતાનું ઉમેદવારીપત્ર યોગ્યે રીતે ભરી જરૂરી કેળવણી વિષયક લાયકાતના દાખલા સાથે પોતે જાતે અગર પોતા માટે દરખાસ્તણ કરનાર (Proposer) અને અનુમોદન આપનાર (Seconder) મારફ્તમ રીટેનીંગ ઓફીસરને આપવું. દરખાસ્તળ કરનાર અને અનુમોદન આપનારે ઉમેદવારીપત્ર આપતી વેળા કોઇપણ સંજોગોમાં રીટેનીંગ ઓફીસર સમક્ષ જાતે અવશ્ય હાજર રહેવાનું છે. તથાપિ આ બાબતમાં જણાવવાનું કે, ઉમેદવારોએ ૧૯૪૭ ના ધી મુંબઇ પ્રાયમરી એજયુકેશન એકટ તથા ૧૯૪૯ ના ધી મુંબઇ પ્રાયમરી એજયુકેશન રૂલ્સા જોઇ લેવા અને તેમાં ઠરાવેલા ધોરણો અનુસાર વ્ય વસ્થાજ કરવી.

મેયરશ્રીની કચેરી,
વડોદરા મહાનગરપાલિકા
ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા.
તા.૦૯ માહે જુલાઇ-૨૦૨૧.

(કેયુર રોકડીયા)
મેયર
વડોદરા મહાનગરપાલિકા
વડોદરા.